પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૧૮ | ૩૦ માર્ચ, ૨૦૧૭, ગુરૂવાર ; ચૈત્ર સુદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### રામદેવ યોગીના પહેલા મહેમાન બન્યા



લખનૌ ખાતે મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને યોગી આદિત્યનાથ આજે રહેવા ગયા હતા. જ્યાં તેમના પહેલા મહેમાન બાબા રામદેવ બન્યા હતા.

### મોદી જશે અમેરિકા



વ્હાઈટહાઉસના જણાવ્યાનુસાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ વર્ષના અંતમાં અમેરિકાનો પ્રવાસ કરશે. વિધાનસભાની ચૂંટણીઓમાં ભારે જીત મેળવ્યા બાદ ટ્રમ્પે મોદીને ફોન કર્યો હતો. તે સમયે તેઓએ મોદીને અમેરિકા આવવા નિમંત્રણ આપ્યું હતું.

### આશા પારેખની બાયોગ્રાફી ટુંક સમયમાં



બોલીવુડની સદાબહાર અભિનેત્રી આશા પારેખ ટુંક સમયમાં તેની બાયોગ્રાફી લોન્ચ કરવા જઈ રહી છે. ખાલિદ મોહમ્મદ દ્વારા લિખિત આ બાયોગ્રાફીને સલમાન ખાન લોન્ચ કરશે.

### ધોનીની આધારકાર્ડ ડિટેલ લીક



ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીની આધાર ડિટેલ સોશિયલ મીડિયા પર લીક થઈ ચૂકી છે. આ વાતથી નારાજ તેની પત્નિ સાક્ષીએ ઈન્ફોર્મેશન એન્ડ ટેકનોલોજી મિનિસ્ટર રવિશંકર પ્રસાદના ટ્વિટર હેન્ડલ પર ફરિયાદ નોંધાવી હતી.

### રવિન્દ્ર ગાયકવાડ હવે કારથી દિલ્હી પહોંચશે



એર ઈન્ડિયા સ્ટાફને નિર્દય રીતે માર મારવાના કારણે વિવાદના ઘેરામાં આવેલા શિવસેના સાંસદ રવિન્દ્ર ગાયકવાડે સંસદસત્રમાં સામેલ થવા માટે હવે કારથી દિલ્હી પહોંચવાનો નિર્ણય કર્યો છે.

# અંતે લોકસભામાં જીએસટી બિલ પસાર

**લોકસભામાં ગરમા ગરમ ચર્ચાનો દોર ચાલ્યો : જીએસટી હેઠળ ખાવા પીવાની ચીજવસ્તુ પર ટેક્સ લાગુ થશે નહીં : પ્રથમ ટેક્સ સ્લેબ શૂન્ય રહેશે : શરૂઆતી પાંચ વર્ષો સુધી રાજ્યોને નુકસાન વળતર**



નવી દિલ્હી, તા. ૨૯

લોકસભામાં ચર્ચાની શરૂઆત કરતા નાણામંત્રી અરૂણ જેટલીએ આને ગેમ ચેન્જર તરીકે ગણાવીને કહ્યું હતું કે બિલમાં કેટલીક જોગવાઈ કરવામાં આવી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે જીએસટી હેઠળ ખાવા પીવાની જરૂરી ચીજવસ્તુ પર કોઈ ટેક્સ લાગશે નહીં એટલે કે પ્રથમ ટેક્સ સ્લેબ શૂન્ય રહશે. જ્યારે બીજા સ્લેબમાં પાંચ ટકા, ત્રીજા સ્લેબમાં ૧૨ ટકા અને ચોથા સ્લેબમાં ૧૮ ટકા છે. જેટલીએ કહ્યું છે કે લકઝરી ટેક્સ સ્લેબને બે ભાગમાં વિભાજીત કરાયા છે. જેમાં ટેક્સ અને સેસનો સમાવેશ થાય છે. જેમાં ટેક્સનો દર ૨૮ ટકાનો રહેશે. નાણા મંત્રીએ એમ પણ કહ્યું હતું કે જીએસટી અમલી કરવાથી શરૂઆતી પાંચ વર્ષ સુધી જે રાજ્યોને નુકસાન થશે તેની ભરપાઈ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવશે.

લોકસભામાં આઠ કલાકથી પણ વધારે સમય સુધી લાંબી ચર્ચા ચાલ્યા બાદ દેશમાં સૌથી મોટા આર્થિક સુધાર ગણાતા જીએસટી બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું. લોકસભામાં જીએસટી બિલ પાસ કરી દેવામાં આવ્યું હતું. સરકાર પહેલી જુલાઈથી દેશભરમાં એકસમાન

● અનુસંધાન પાન-૭ પર

## નીતિશકુમાર એનડીએ સાથે ફરી હાથ મિલાવે તેવા સંકેત

**નીતિશકુમાર અને લાલુ વચ્ચે મતભેદ સપાટીએ : જેડીયુ નેતાઓની ભાજપના ટોચના નેતાઓ સાથે વિસ્તૃત વાતચીત : આરજેડી નેતાઓની માંગથી નીતિશ પરેશાન**



નવી દિલ્હી,તા. ૨૯

બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર ફરી એકવાર નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ-એનડીએ ગઠબંધનમાં સામેલ થઈ શકે છે. મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જનતાદળ યુનાઈટેડમાં કેટલાક નેતાઓ સાથે વાતચીત ચાલી રહી છે. ભાજપ સાથે તેમની વાતચીત ચાલી રહી છે. નીતિશકુમાર અને લાલુ પ્રસાદ યાદવ વચ્ચે હાલમાં જોરદાર મતભેદની સ્થિતિ હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. આનું મોટુ કારણ એ છે કે આરજેડીના વડા લાલુ પ્રસાદ યાદવ સાથે મતભેદો વધી રહ્યા છે. અલબત્ત આ અહેવાલને સત્તાવાર રીતે સમર્થન મળી રહ્યું નથી પરંતુ જે રીતે નીતિશકુમાર દ્વારા નોટબંધીના નિર્ણય ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રશંસા કરી ચુક્યા છે અને યુપી તથા ઉત્તરાખંડમાં ભાજપને મળેલા પ્રચંડ બહુમત બાદ તેમને અભિનંદન આપી ચુક્યા છે. તેને જોતા ફરી એક

● અનુસંધાન પાન-૭ પર

# બીએસ-૩ વાહનોના વેચાણ પર પ્રતિબંધ

**પહેલી એપ્રીલથી બીએસ-૩ વાહનોના વેચાણ પર પ્રતિબંધ મુકવા સુપ્રીમ કોર્ટનો હુકમ : ઓટોમોબાઈલ કંપનીઓને મોટો ફટકો : લોકોના આરોગ્યની બાબત ઓટોમોબાઈલ કંપનીઓના ફાયદા કરતા વધારે : પ્રદુષણ ફેલાવતા વાહનોને દોડવાની મંજુરી આપી શકાય નહીં**



નવી દિલ્હી,તા. ૨૯

ઓટો મોબાઈલ કંપનીઓને મોટો ફટકો આપીને સુપ્રિમ કોર્ટે પહેલી એપ્રિલથી બીએસ-૩ વાહનોના વેચાણ પર પ્રતિબંધ મુકવાનો આદેશ જારી કરી દીધો છે. કોર્ટમાં આ નિર્ણય એવી અરજી ઉપર આવ્યો છે જેમાં ૩૧મી માર્ચ બાદ એવા વાહનના વેચાણ પર મુકવામાં આવેલા પ્રતિબંધને પડકાર ફેંકવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે સાફ શબ્દોમાં કહ્યું છે કે લોકોના આરોગ્ય ઓટોમોબાઈલ કંપનીઓના ફાયદા કરતા વધારે જરૂરી છે. સાથે સાથે કોર્ટે કહ્યું હતું કે પ્રદુષણ ફેલાવતા વાહનોને માર્ગો ઉપર દોડવાની કોઈપણ કિંમતે મંજુરી આપી શકાય

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ શાસિત રાજ્યો પણ હવે યોગીના માર્ગે

**ગેરકાયદે કતલખાના સામે આક્રમક કાર્યવાહી શરૂ કરવામાં આવી : ઉત્તરપ્રદેશ બાદ રાજસ્થાન, ઉત્તરાખંડ, છત્તીસગઢ તેમજ મધ્યપ્રદેશમાં પણ કાર્યવાહીનો દોર હાથ ધરાતા ખળભળાટ**

નવી દિલ્હી,તા. ૨૯

ઉત્તરપ્રદેશમાં ગેરકાયદે કતલખાનાને બંધ કરવા માટેની કાર્યવાહી હવે ભાજપ શાસિત રાજ્યોમાં પણ કરવામાં આવી રહી છે. યુપીમાં આ આદેશ જારી કરાયા બાદ હવે ઝારખંડમાં પણ ગેરકાયદે કતલખાના પર તાલા મારી દેવા માટેના આદેશ જારી કરવામાં આવી ચુક્યા છે. આના ભાગરૂપે ચાર અન્ય ભાજપ શાસિત રાજ્યોમાં પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજસ્થાન, ઉત્તરાખંડ, છત્તિસગઢ અને મધ્યપ્રદેશમાં પણ કાર્યવાહીનો દોર હાથ ધરવામાં આવતા આ કારોબાર સાથે જોડાયેલા લોકોમાં ખળભળાટ મચી ગયો છે. આ રાજ્યોમાં વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી બાદ કેટલાક લોકો નારાજ પણ છે.

હરિદ્વારની ત્રણ, રાયપુરની ૧૧ અને ઈન્દોરની એક મીટ શોપને બંધ કરી દેવામાં આવી છે. જયપુરમાં સિવિક કોર્પોરેશન દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે એપ્રિલમાં આશરે ચાર હજાર દુકાનો બંધ કરવામાં આવનાર છે. અલબત્ત મિટ વેચાણ કરનાર લોકોએ દાવો કર્યો છે કે આ

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી નવેમ્બર યોજાવાનો અમિત શાહનો ઈશારો

**ગુજરાતમાં ૧૫૦થી વધારે બેઠકો જીતીશું : કોંગ્રેસને જીતવાના સપના આવે છે જે પુરા નહીં થાય : નવેમ્બરમાં નરેન્દ્રભાઈનો વિજયરથ ગુજરાત પહોંચશે : મોદી કેન્દ્રમાં પહોંચ્યા બાદ ગુજરાતના ઘણા કામો કર્યા છે : એક લાખ ૨૨ હજાર કરોડ રૂપિયા ગુજરાત સરકારને મળ્યા : અમિત શાહ**

અમદાવાદ,તા. ૨૯

અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આયોજિત વિજય વિશ્વાસ સંમેલનમાં ભાજપ પ્રમુખ અમિત શાહ પોતાના અસલ અંદાજમાં દેખાયા હતા અને કોંગ્રેસ ઉપર આક્રમક પ્રહારો કર્યા હતા. અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી જીતના સ્વપ્ન જોઈ રહી છે જે ક્યારેય પણ પુરા થનાર નથી. અમિત શાહે ગુજરાતમાં ૧૫૦થી વધુ બેઠક જીતવાના વિશ્વાસનો શંખનાદ ફુક્યો હતો. અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસના નેતાઓ કહે છે કે કોંગ્રેસ આવે છે જ્યારે દેશની જનતા કહી રહી છે કે કોંગ્રેસ જાય છે. અમિત શાહે કાર્યકરોને આગવી શૈલીમાં કહ્યું હતું કે મોદી સાહેબને કહી દઉં કે ૧૫૦ સીટો આવી જશે. અમિત શાહે વધુમાં કહ્યું હતું કે નવેમ્બર મહિનામાં નમોવ્રત પહોંચશે. જેથી વહેલીતકે ચૂંટણીની કોઈપણ શક્યતાને અમિત શાહે નકારી કાઢી હતી. અમિત શાહના સંબોધનથી કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળ્યો હતો.





ચાર રાજ્યોમાં ભાજપે ભગવો લહેરાવ્યા બાદ હવે ગુજરાત અને અન્ય રાજ્યોમાં પણ જોરદાર સપાટો બોલાવવા ભાજપે કમર કસી લીધી છે. પાંચ રાજ્યો પૈકી ચારમાં શાનદાર દેખાવ બાદ અમિત શાહ માદરેવતન પહોંચ્યા હતા જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરાયું હતું. શાહે પોતાના સંબોધનમાં વિવિધ મુદ્દા પર વાત કરી હતી. કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. અમિત શાહે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે ભાજપના શાસનમાં સંપૂર્ણપણે શાંતિ પ્રવર્તી રહી છે. કોઈપણ સ્ટેબીંગના બનાવ

● અનુસંધાન પાન-૭ પર

## ડોલર સામે રૂપિયો દોઢ વર્ષની ઉંચી સપાટી પર

મુંબઈ,તા. ૨૯

ડોલર સામે રૂપિયામાં આજે બીજા દિવસે પણ તેજી જોવા મળી હતી. ડોલરની સરખામણીમાં રૂપિયો આશરે દોઢ વર્ષની ઉંચી સપાટીએ પહોંચી ગયો હતો. આજે એક ડોલરની કિંમત ૬૫ રૂપિયાથી નીચે પહોંચી ગઈ હતી. અંતમાં ડોલરની સરખામણીમાં રૂપિયો ૧૪ પૈસાની મજબૂતી સાથે ૬૪.૯૦ની સપાટી પર બંધ રહ્યો હતો. હકીકતમાં ડોલર ૪.૫ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગયો છે. આ ત્રિમાસિક ગાળામાં ડોલરની સરખામણીમાં રૂપિયો પાંચ ટકા મજબૂત થયો છે. શેરબજારમાં વિદેશી મૂડીરોકાણ વધવા અને ડોલરમાં સતત ઘટાડો થવાના લીધે રૂપિયાને ટેકો મળી ગયો છે. આ વર્ષની શરૂઆતમાં ડોલરની કિંમત ૬૮.૫૦ રૂપિયા હતી.

લોન... લોન... લોન...
સરકારી કર્મચારી તેમજ વેપારી મિત્રો માટે
● પર્સનલ લોન
● બિઝનેસ લોન
● હોમ લોન
● મોર્ગેજ લોન
આવકના પુરાવા વગર પણ...
ભટ્ટ ફાયનાન્સિયલ સર્વિસિસ
મો. : ૯૬૮૭૬૫૫૦૪૬
મો. : ૮૧૪૧૯૪૧૨૦૪

No.1 COACHING INSTITUTE FOR CA & CS
GANDHINAGAR • AHMEDABAD • VADODARA
CA CPT Batch Start From 1st April, 2017
ALL INDIA RANKS IN CA FINAL 2016





7th Rank in India — RONAK BAPHNA
44th Rank in India — AKHIL PULAVALA
Highest Number of CA Final Pass Out From Gandhinagar
For CA Coaching, it is NEXT or NOTHING
NEXT COMMERCE EDUCATION PVT LTD
NEXT COMMERCE EDUCATION PVT. LTD.
446, 2nd Floor, Above HDFC Bank, GH-5, Sector - 16, Gandhinagar.
Mo. : 99 24 99 88 99, 94280 35750

ફિઝીક્સ ટ્યુશન
ધો-૧૧-૧૨ (ગુજરાતી - અંગ્રેજી માધ્યમ)
માત્ર સવાર-સાંજ એક-એક જ બેચ
૧૪ એપ્રીલથી બેચ આરંભ
સંપર્ક : નટુભાઈ લાડાણી (લાડાણીસર)
Mo. 98254 49270
સંપર્ક સમય : સવારે ૭ થી ૧૦ ● સાંજે ૬ થી ૯

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય